ગાંધીનગર સમાચાર
તા. ૨૬-૪-૨૦૧૪, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### સોનિયા ગાંધીનો સાર્થક ગુજરાત પ્રવાસ

ચૂંટણીની મોસમ પૂરબહાર ખીલી છે ત્યારે જે દિવસે ગુજરાતના મુખ્યમંત્રી વારાણસીમાં ઉમેદવારી કરવા પહોંચ્યા તા તે જ દિવસે વિકાસના ગુજરાત મોડેલની ફિરકી લઈને કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીએ ખરો તડકો માથે લઈ ગુજરાતના બે છેડે બે જંગી જાહેરસભાઓ યોજીને સાબિત કરી દીધું કે કોંગ્રેસના મૂળ ઘણાં ઊંડા છે અને ભારતીય જનતા પાર્ટી કરતા એનો વ્યાપ ઘણો વધારે છે. કોંગ્રેસ એ જનસાધારણને છેક આઝાદીની ચળવળ સાથે જોડનારી રાજકીય વિચારધારા છે. બલકે ચળવળ - 'મુવમેન્ટ' છે. જેમાં કેન્દ્ર સ્થાને ગરીબ, સર્વહારા માનવી છે. એ સાચું કે સમય સાથે કોંગ્રેસનું કલેવર બદલાતું રહ્યું છે, પરંતુ એ પણ કબૂલવું જ રહ્યું કે એ સર્વસમાવેશી રાષ્ટ્રીય પક્ષ છે, જેનું વજૂદ કાશ્મીરથી કન્યાકુમારી પર્યંત અને અરૂણાચલથી ઓખા સુધી વધતેઓછે અંશે આટઆટલી તડકીછાંયડી પછી પણ સચવાયું છે. જેમના માટે 'સેક્યુલર' વિશેષણ વપરાતું રહ્યું છે એવા અનેક પ્રાદેશિક પક્ષો મૂળે તો કોંગ્રેસી ગોત્રનાં જ ફરજંદ છે. દેશની પ્રથમ 'બિનકોંગ્રેસી' સરકારના વડાપ્રધાન સ્વ. મોરારજી દેસાઈ મતભેદ પડતાં જુદા ભલે પડ્યા હોય પરંતુ એ જીવ્યા હતા એ વિશે કોઈ શંકાને સ્થાન ખરૂં? નહેરૂ-ગાંધી પરિવાર સિવાયના તમામ વડાપ્રધાનો એક યા બીજા તબક્કે કોંગ્રેસ સાથે જોડાયેલા રહ્યા છે. વાજયેપી સુદ્ધાં તરૂણ વયે કોંગ્રેસના સભ્ય હતા, તે સર્વવિદિત છે. અરે, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્થાપક ડૉ. કેશવ બલી હેડગેવારે પણ કોંગ્રેસના કાર્યકર તરીકે કામ કર્યું હતું. કોંગ્રેસ એક એવું અળસિયું છે જેમાં ગમે તેટલા કટકા કરવામાં આવે તો પેલા દંતકથા દેવહુમા - ફિનિક્સ પંખીની જેમ એને રાખમાંથી બેઠી થતાં ઝાઝી વાર નથી લાગતી. ગુજરાતમાં છેલ્લા ઘણાં વર્ષોથી કોંગ્રેસનો પ્રભાવ ઓસરતો રહ્યો છે પરંતુ લોકસભાની ચૂંટણી વખતે ગુજરાતના શાણા મતદારો કોંગ્રેસની રાષ્ટ્રીય મહત્તા સ્વીકારી એને અડધોઅડધ બેઠકો આપતા રહ્યા છે. કેન્દ્ર સ્તરે શાસન આપી શકે એવો કોંગ્રેસનો વિકલ્પ મળવો હજી બાકી જ છે. જો કે યુપીએ-૨ શાસનકાળ દરમિયાન ગઠબંધન ધર્મનું પાલન કરવા જતાં અણિશુદ્ધ અર્થશાસ્ત્રી વડાપ્રધાનની જાણબહાર કેટલીક ગંભીર ભૂલો જરૂર થવા પામી છે, જેનો કોંગ્રેસના ઉપાધ્યાક્ષ જાહેરમાં નિખાલસ એકરાર પણ કરી ચૂક્યા છે. પરંતુ એ ન ભૂલીએ કે વિશ્વમાં ભારતને મૂઠી ઊંચેરી નામના પણ કોંગ્રેસના જ શાસનકાળમાં સાંપડી છે. ડૉ. મનમોહનસિંહ જેવા સાલસ, નિર્દંભ અને અણિશુદ્ધ અર્થશાસ્ત્રીને સુકાન સોંપીને કોંગ્રેસનાં અધ્યક્ષાએ દેશને વિશ્વસત્તા બનાવવાની દિશામાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. દસ વર્ષ સુધી જાત જાતના અંગત સ્વાર્થો ધરાવતાં પ્રાદેશિક પરિબળોના સહકારથી સરકાર ચલાવી એથી ડૉ. મનમોહનસિંહને અને યુપીએ અધ્યક્ષાને કેટલાંક અણગમતાં સમાધાન પણ કરવા પડ્યાં હશે, કેટલાંક કૌભાંડો એમની નજર સામે જ થયાં અને મંત્રીમંડળના સભ્યોને જેલમાં જવું પડ્યું અથવા રાજીનામું આપી છૂટા થવું પડ્યું. આથી વિપક્ષોને કોંગ્રેસ વિરૂદ્ધ પ્રચાર કરવાની સોનેરી તક સાંપડી છે. મોંઘવારી એ વૈશ્વિક ફિનોમેના છે, પરંતુ કોંગ્રેસ શાસન દરમિયાન વધી હોવાને કારણે પ્રજામાં શાસનવિરોધી વલણ દેખાતું હોય તો એમાં નવાઈ પામવા જેવું નથી. ડૉ. મનમોહનસિંહ, સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી પણ સમજે છે કે સામા પૂરે તરવું પડે એવી સ્થિતિ સરજાઈ છે, પરંતુ સાથે જ ઊંડે ઊંડે એમને દેશની પ્રજાની કોઠાસૂઝ પર પણ પાકો ભરોસો છે. કોંગ્રેસ ભાંગ્યું ભાંગ્યું તોય ભરૂચ છે અને દેશ આખો ગજવે ઘાલવા મથલા ભાજપને કદાચ ઘરઆંગણે - ગુજરાતમાં જ એ ભારે શિકસ્ત આપે તો આશ્ચર્ય નહીં થાય. વલસાડ અને ખેરાલુની સભાઓમાં સોનિયા ગાંધીની ઈમોશનલ અપીલને જે પ્રકારનો પ્રચંડ પ્રતિસાદ મળ્યો એથી કોંગ્રેસ અધ્યક્ષા જરૂર આશ્વસ્ત થયાં હશે કે ગમે તેટલો શોરબકોર હોય તો પણ ગુજરાતનો મતદાર બધાને ધીરજપૂર્વક સાંભલે છે; એ સાચું કેટલું અને ખોટું કેટલું - એનો સારાસાર-વિવેક કરી જાણે છે. આગામી ૩૦મી એપ્રિલ ગુજરાતના મતદારો મોટી સંખ્યામાં મતપેટીઓ છલકાવી દઈ સ્વવિવેક દાખવશે એવી અપેક્ષા અસ્થાને નથી. સોનિયાના પ્રવાસથી મોદીના ગઢમાં જ ગાબડું પડશે કે શું? - એ તો મતગણતરીના દિવસે જ ખબર પડી શકશે.

# ધુતારાઓના ધુતને ખુલ્લા પાડતા પ્રયોગો કરાયા : વિદ્યાર્થીઓ દંગ થઈ ગયા

## નિસર્ગ સાયન્સ સેન્ટર અને આત્મન સંસ્થાનું આયોજન

ગાંધીનગર, તા.૨૫

શહેરમાં ધુતારાઓ દ્વારા લોકોને છેતરવાની અનેક ઘટનાઓ બનેલી છે. વિજ્ઞાન અને ટેકનોલોજીનો થોડો અભ્યાસ કરી પ્રજાને મૂર્ખ બનાવતા હોય છે ત્યારે આવા ઢોંગીઓ કેવી રીતે પ્રજાને મૂર્ખ બનાવે છે તેના પ્રયોગો કરી લોકોને જાગ્રત કરવાનો કાર્યક્રમ શહેરમાં યોજવામા આવ્યો હતો.

વિજ્ઞાન સાથે સંકળાયેલી નિસર્ગ સાયન્સ સેન્ટર અને આત્મન સંસ્થા દ્વારા આજ રોજ લોક જાગૃતિ અંતર્ગત ફન વિથ કેમેસ્ટ્રી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. નિસર્ગ સેન્ટરના કો ઓર્ડિનેટર હાર્દિક મકવાણાએ ધુતારાઓ કેવા કેવા કરતબ બતાવી લોકોને મૂર્ખ બનાવે છે તે રજૂ કર્યા હતા.

ઢોંગીઓ દ્વારા નાળિયેરમાંથી ચુંદડી કાઢી, તાંબાના કળશમાંથી પાણી કાઢવું, એસિડ બેઈઝ તટસ્થિકરણ કરવું કલર પ્રવાહીને રસાયણની મદદથી સફેદ કરવું જેવા પ્રયોગો બતાવવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં ૬૫ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ વિદ્યાર્થીઓને પ્રયોગો પાછળ રહેલા રસાયણ વિજ્ઞાનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. તેમજ દૂધ, ખાંડ, હળદર, મરચું જેવા ખાદ્ય પદાર્થોમાં કરવામાં આવતી ભેળસેળ અને તેનાથી થતા રોગોની માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓ પણ આ પ્રયોગો જોઈ અભિભૂત થઈ ગયા હતા. શિબિરમાં આત્મન સંસ્થાના પ્રજ્ઞાબેન પટેલ અને નિસર્ગના શિવાંગ પટેલ ઉપસ્થિત રહ્યા હતાં.






વિશ્વ ધરતી દિવસે સંસ્કાર ગૃપ દ્વારા ધરતી માતાનુ ઋણ ચૂકવવા વિશેષ પૂજા અર્ચના કરવામાં આવી હતી. ધરતી દિવસે સંસ્કાર ગૃપના સભ્યો દ્વારા ફૂલોથી ધરતી માતાને સુશોભિત કરવામાં આવી હતી. જેમાં ગૃપના ધવલ પ્રજાપતિ, વિશ્વ મેવાડા, રાકેશ રાવળ સહિતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# મહારાષ્ટ્ર ખાતે યોજાનાર ૫૯મી શાળાકીય સ્પર્ધાની પૂર્વ તૈયારીની તાલીમ શિબિર યોજાઈ

## પ્રેરણા વિદ્યાલયમાં જિલ્લાના રમતવીરોએ તૈયારી કરી

ગાંધીનગર, તા. ૨૫

મહારાષ્ટ્રના જાલના ખાતે ૫૯મી શાળાકીય ફેન્સીંગ નેશનલ સ્પર્ધા જિલ્લા ફેન્સીંગ એસોસિએશન દ્વારા મહારાષ્ટ્ર ખાતે યોજાનાર ૫૯મી શાળાકીય ફેન્સીંગ



યોજવામાં આવશે. પૂર્વ તૈયારી પ્રેરણા વિદ્યાલય સેક્ટર-૫માં તા. ૧૮ થી ૨૫ દરમિયાન યોજવામાં આવી હતી. જેમાં ગાંધીનગર જિલ્લા ફેન્સીંગ એસોસિએશનના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગરના સેક્ટર-૫માં આવેલ પ્રેરણા વિદ્યાલય ખાતે ગાંધીનગર નેશનલ સ્પર્ધાની તૈયારીના ભાગરૂપે તાલિમ શિબિર યોજવામાં આવી હતી.

શાળામાં તા. ૧૮ એપ્રિલથી તા. ૨૫ એપ્રિલ દરમિયાન તાલીમ શિબિર યોજાઈ હતી. જેમાં જિલ્લા એસોસિએશનના ચેરમેન ડી.એન. વાટલીયા, પ્રેરણા સ્કૂલના ટ્રસ્ટી, પ્રદિપસિંહ બિહોલા, શાળાના આચાર્યા સ્વાતીબા રાઓલ અને કોચ ભરતજી ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા.

શાળાકીય નેશનલ સ્પર્ધામાં પસંદગી પામેલા જિલ્લાના ખેલાડીઓ અમરસિંહ ઠાકોર, મિતેષ યાદવ, દિપેન્દ્ર નિનામા, યુવરાજસિંહ વાઘેલા સહિત સ્વામિનારાયણ હાઈસ્કૂલ, સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, એન.એન. શાહ પ્રાથમિક શાળા ઉવારસદની શાળાના વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા હતા. તમામ વિદ્યાર્થી મહારાષ્ટ્ર ખાતે રમવા માટે જશે.

# કલરવ સંસ્થા દ્વારા બાલોત્સવ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૨૫

શાળાઓમાં વેકેશન શરૂ થઈ જતા જ શહેરની સંસ્થાઓ દ્વારા 'સમર કેમ્પ' અનો વિવિધ રચનાત્મક કે સર્જનાત્મક પ્રવૃત્તિઓની શિબિરોનું આયોજન કરી દીધું છે. ગાંધીનગરની કલરવ સંસ્થા દ્વારા સાતથી ચૌદ વર્ષના બાળકોની રંગમંચ લક્ષી કલા વિકસાવવાના હેતુથી તારીખ ૩જી મેથી ૧૫મી મે દરમિયાન બાલોત્સવ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ શિબિરમાં બાળકોનો સ્ટેજ ફિયર દૂર થાય અને તેમનામાં રહેલી સુષુપ્ત રંગમંચ કલા બહાર આવે જેના પરિણામે શહેરમાં આ કલાનો વિકાસ થાય સાથે સાથે બાળક પણ તેની કેરિયર બનાવી શકે તેવા ઉદ્દેશથી પ્રયત્ન કરવામાં આવશે. આ શિબિરમાં ભાગ લેવા માટેના ફોર્મ તા. ૩૦મી એપ્રિલ સુધી સાથે જણાવેલ સ્થળોએથી ઉપલબ્ધ રહેશે જેની વાલીઓએ નોંધ લેવા અનુરોધ કરાયો છે.

શિબિરમાં ભાગ લેવા તા. ૩૦મી એપ્રિલ પહેલા નીચેના સ્થળોએથી ફોર્મ મેળવી શકાશે.

- શ્રીમતી આશાબેન સરવૈયા- ૮૯/૨, સે-૨-એ, ગાંધીનગર- ૯૮૨૫૩૩૩૬૭૫
- શ્રી ભાવેશ એરડા, મધ્યમ્, ૧૩૨૮/૨, સે-૪-ડી- ૯૮૭૯૫૨૪૧૧૨
- શ્રીમતી મનીષા જૈન, મધુપર્ક, પ્લોટ નં. ૧૧૦, સે-૮- ૯૯૨૪૨૨૫૩૩૩
- ઉર્મિલ વેદ, ૩૪૮/૧, સે-૭-એ તથા ૪૧૨, ચોથો માળ, મેઘ મલ્હાર, સે-૧૧-૯૮૨૫૦૨૭૬૫૭
- શ્રી નિશીત વ્યાસ, મીનાક્ષી ટ્રેડર્સ, ઘ રોડ, સે-૧૬- ૨૩૨૨૧૯૯૯
- શ્રી અનિલ જૈન, અમૂલ પાર્લર, ઘ-૬, સે-૨૨, ૯૮૨૫૩૩૩૬૭૫
- શ્રીમતી વર્ષાબહેન પારેખ ૭૨૪/૨, પંચશીલ પાર્ક, સે-૨૧, ૯૭૨૭૪૨૯૨૯૪
- સુશ્રી ઉમાબહેન ભટ્ટ ૧૬૪/૨, સે-૨૨ -૯૯૦૪૧૫૮૩૬૯
- શ્રી રાહુલ મહેતા, ઈ-૨૩૬, ઈલેક્ટ્રોનિક જીઆઈડીસી, સે-૨૬ અથવા એ/૧૬-૧૭, ગ્રીનસિટી ગાંધીનગર-૯૮૨૫૦૪૨૪૩૯
- કુ. જયશ્રી ખેતિયા, ૮૫૦, સોમેશ્વર સોસાયટી, સે-૨૭, ૯૩૭૪૮૦૫૯૪૮
- શ્રી નરેશ ઠાકર ૩૫એ/૧, સે-૧૯-૯૮૯૮૯૧૧૮૮૯

## સવારે જનમતે જોયું કે બોગનવેલ ટેકાવાળા થડિયા સાથે ચત્તીપાટ પડી હતી, પડ્યો હતો લીમડો પણ, જનમતે તે પણ જોયું, જનમતની નજરો પણ ઢળી પડી હતી

લઘુકથા
**જનમત**
- મૌલિક બોરીજા

'બ્રહ્મ લટકા કરે, બ્રહ્મ પાસે' (નરસિંહ મહેતા) લીંમડો ઝૂમી રહ્યો હતો, સાથે બોગનવેલની ફુલભરેલી ડાળીઓ પણ.

લોકો તેની ઝૂકેલી ડાળીઓમાંથી મંજરી લેતા હતા ત્યારે બોગનવેલના ફુલને અડકતાં કાંટાઓ અડકી જતા. તીક્ષ્ણ નજરે કાંટા સામે જોઈ નમ્ર નજરે મંજરીઓને હસતી જોતા છાંયડે શીતળતા અનુભવતાં.

લોકો ચૈત્રનાં તડકામાં શાંતા અનુભવતા ઊભા હતા ત્યાં જ આભ વાદળાચ્છાદિત થઈ ગયું રવિએ પૃથ્વીની આડશ લીધી નહોતી ત્યાં જ ધુળની ડમરીઓ ચડી, ધુળ ઊડી, ડાળીઓ સાથે ઝાડ આકળવિકળ, લોકો પણ ઘરની ઓથે ભરાયા, તો કેટલાક રસ્તે હતા મોટા ફોરા અને પછી કરાં સાથે આભ તૂટ્યું. પૃથ્વીનો તરફડાટ ટાઢક અનુભવી રહ્યો. પવને જોર દેખાડ્યું. તેજની જગ્યાએ અંધકાર. અને ઝાડ તૂટી પડ્યું થડ સાથે, સાથે બોગનવેલ સાક્ષાત દંડવત કર્યા. લોકમત ઘરે ભરાણો હતો. સવારે જનમતે જોયું કે બોગનવેલ ટેકાવાળા થડિયા સાથે ચત્તીપાટ પડી હતી. પડ્યો હતો લીમડો પણ, જનમતે તે પણ જોયું. જનમતની નજરો પણ ઢળી પડી હતી.

## એક તમારા મતને ખાતર!!

એક તમારા મને ખાતર ખોટો ના ચૂંટાય તે જો જો.
એક તમારા મને ખાતર સાચો ના રહી જાય તો જો જો.
એક તમારા મતમાં અસલી જંતુનાશક દવા ભરી છે.
ઝીણા ઝેરી જંતુઓથી સંસદ ના ઉભરાય તે જો જો.
એક તમારા મૂંગા મતને કારણે મહાભારત સર્જાયું.
મહાન આ ભારતનો પાછો ચહેરો ના ખરડાય તે જો જો.
એક તમારા મતની કિંમત નથી જાણતા તો જાણી લ્યો.
સોનાની વસ્તુ છે એ લોઢામાં ના ખર્ચાય તે જો જો.
એક તમારા મતથી ખાટું મોળું શું થાશે જાણો છો ?
એક ટીંપાથી આખ્ખે આખ્ખું દૂધ ન ફાટી જાય તે જો જો.
એક તમારા મતથી ધાર્યું નિશાન વીંધી નાંખો છો પણ,
એજ તમારી ઓળખને અંગુઠો ના છીનવાય તે જો જો.
એક તમારો મત મેળવવા કહેશે તારા તોડી લાવું?
રાહ જુઓ પણ ધોળે દાડે તારા ના દેખાય તે જો જો.
એક તમારા મતની પળને સમજીને સાચવજો અથવા ના
પાંચ વરસ માટે છાતીમાં ડૂમો ના અટવાય તે જો જો.

- કૃષ્ણ દવે

## થોડા ગપ્પા / ન છપ્પા

જો જો રે નેતાજીના બોલ
જેમાં પૈસા ભાર ન તોલ
'આદર્શ'ના પીટ્યા છે છોલ
પણ અંતે તો પોલંપોલ
આ તો ભાઈ કેવી વાત - ગુનેગારોને સાવ નિરાંત

અંધ-અંધ-અંધારે મળ્યા
જાજા પક્ષો સાથે ભળ્યા
સ્વાર્થ કેરો આ સંગાથ
સાપને ઘરે પરોણો સાપ
કોઈ કોઈને ન કરે વિશ્વાસ - તોય જીતવાની રાખે આશ,

નિવેદનિયા નેતા ને ચેલા બહુ
ચૂંટણી લડવા ચાલ્યું સહુ
વચનોનો એ કરે વરસાદ
જેને ન જીતવાની આસશ
ભુલ જો મતદારોથી થાય - બોદા માણસો ચૂંટાઈ જાય

જયાં જુઓ ત્યાં કૂડ-કૌભાંડ
ચૂંટણી લડતા શૂર ને ડાંડ
અદકી વાત પોતાની કરે
રામ રાજયના લાડુ ધરે
સાચી વાતનો કરજો વિચાર - છેતરાશો તો ખાશો માર

જ્ઞાનભાન માંડ હતું પાશેર
ચૂંટણી લડતાં વાધ્યું શેર
જીતી ગયા તો તોલો થયા
પ્રધાન થયા તો જાણમાં ગયા
આમ હલકામાંથી ભારે થાય - સાત પેઢી ભલે નિરાંતે ખાય

વડા પ્રધાનપદ માટે કીધી ખોજ
સરદારજી માથે લોદ્યો બોજ
જશના લાડુ પાર્ટી જમે
અપજશના જુતિયા સરદારજી ખમે
શૂન્યમાંથી ન કશું સર્જાય - એકડા વિનાના આ મીંડા ભાઈ

પક્ષોએ એવા કારસા કીધા
નેતાના નામના ડંકા દીધા
સમરથોને ન ધોખા થાય
મનપસંદ સીટ તેને ફળવાય
સાચા કાર્ય કરતા શોર-અમારે નથી ધનનું જોર...

- અનંત વ્યાસ

## ચૂંટણી

(ઝિલમીલ સિતારોં કા આંગન હોગા)

એકવાર ચૂંટણીમાં ઊભો રહેને
વોટ મારો મારે આપવાનો છે તને...
ચૂંટણીનું ફોર્મ તે તો ભર્યું છે કે નહિં?
એની તું જાણ મને કરતો રહેજે... એકવાર
પક્ષ તારો કયો છે ને સીટ તારી કયાની?
સભામાં પ્રચાર એનો કરતો રહેજે... એકવાર
બેલેટ પેપરમાં તારા નાન-નંબર શું છે?
શું છે નિશાન તારૂં એ મને કહેજે... એકવાર
આજે તો ખુરશીની મારા-મારી થાય છે... એકવાર
ઓળખકાર્ડ મારૂં કયાં છે પત્તો નથી મળતો
મતદાર નંબર મારો મને નથી જડતો... એકવાર
આજના નેતા તો સહું ખુરશીના રસિયા
સાચો નેતા પ્રભુ મારા મનડામાં વસીયા... એકવાર
મારા લતામાં આવી રોજે રોજ મળજે
સાચા વચન સહુને દેતો તું રહેજે... એકવાર

- કોકિલાબેન જયપ્રકાશ ભટ્ટ

## ... હવે તમારો વારો !

પડઘમ પ્રચારના શાંત પડ્યાં છે; હવે તમારો વારો,
ઊઠો; જાગો; અય મતદારો! હવે તમારો વારો! ;
સુણો - સાંભળો વાત દરેકની; લોકશાહી તો ન્યારી છે,
મત આપવા વિવેક બુદ્ધિથી; હવે જરા વિચારો!
ગમતી અને અણગમતી વાતો; છો ને મનમાં આવે,
પવિત્ર ફરજમાં કાઢી નાખો; મુંઝવતો રોજ બફારો!
આંગળી પરનું એક જ ટપકું; ગજબનું શક્તિશાળી છે,
પરચો એનો દેખાડી દેવા; હિંમત કદી ના હારે!
'શરમાળ' પણું છોડી દઈ ને; મતદાન મથકે પહોંચો.
ફોટો પ્રૂફ લઈને ઉપડો; પર્વ લોકશાહીનો ન્યારો છે!

- જગદીશ ગોર 'શરમાળ'

# ઈન્ફોસિટી કોલેજમાં વિશ્વ મેલેરિયા દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૫

સમગ્ર વિશ્વમાં આજે મેલેરિયા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ત્યારે શહેરમાં પણ અલગ-અલગ સંસ્થાઓએ મેલેરિયા દિવસ મનાવ્યો હતો. જેમાં ઈન્ફોસિટીમાં આવેલી ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ દ્વારા સ્કૂલ ખાતે વિશ્વ મેલેરિયા દિવસ ઉજવ્યો હતો.

સ્કૂલના આચાર્ય પ્રદિપ ગગલાણીએ મચ્છર-જન્ય રોગ પર માર્ગદર્શન આપ્યુ હતુ. તેમણે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે ઘરમા ંકે અન્ય કોઈ જગ્યાએ ભરાઈ રહેતા પાણીમાં મચ્છરોનો ઉપદ્રવ થાય છે. ત્યારે આવા બંધિયાળ પાણીને વહેવડાવી દેવુ જોઈએ. ચોમાસા દરમિયાન મચ્છરોનું પ્રમાણ વધુ હોય છે. ત્યારે શરીર સંપૂર્ણ રીતે ઢંકાઈ જાય તેવા કપડા પહેરવા જોઈએ.




વૃક્ષો પ્રત્યેનો પ્રેમ અને જતનનું એક ઉત્તમ ઉદાહરણ સે-૭ ખાતે જોવા મળશે. જયાં વૃક્ષની યોગ્ય કાળજી લેવાઈ રહી છે. સાથો સાથ સારા સુવિચારોથી પણ સુશોભીત કરવામાં આવ્યા છે. (કશ્યપ નિમાવત)